દેશ ભક્તિના ગીત સાથે જામનગરમાં નીકળી અનોખી રાષ્ટ્રીય એકતા રેલી

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમા દેશ ભક્તિના ગીત સાથે અનોખી રેલી યોજાઇ હતી. નેશન ફર્સ્ટના સ્લોગન સાથે જામનગરમાં યોજાયેલી રેલી શહેરના માર્ગો પર ફળી હતી. આ દરમિયાન તમામ નાગરિકોને એક થવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. દેશના વિવિધ રાજ્યો અને ભાષાના લોકો એક મંચ પર એકતાનો સંદેશ આપવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય એકતા રેલીનો મુખ્ય હેતુ દેશમાં વધી રહેલી ભાષાકીય, પ્રાંતીય અને સાંસ્કૃતિક ભેદભાવની માનસિકતા દૂર કરવોનો હતો. અને ભારતની શક્તિ તેની વિવિધતા છે — મહારાષ્ટ્ર હોય, ગુજરાત હોય, ઉત્તર ભારત હોય, ઉત્તર પૂર્વ હોય કે દક્ષિણ ભારત તમામ લોકો એક છે તે અંગેનો સંદેશ પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. ન કોઈ હિંદી વાળો અલગ, ન મરાઠી અલગ, ન ગુજરાતી અલગ, ન ઉત્તર પૂર્વનો અલગ તમામ લોકો એક છે. સંસ્કૃતિ, ભાષા, પરંપરા અલગ હોઈ શકે, પરંતુ દિલ એક છે, રાષ્ટ્ર એક છે.નો સંદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

દ્વારકાધીશ મંદિરમાં યુવતી બેભાન થઈ જતા મહિલા ફોજદારે આપી સારવાર

દ્વારકા : ડીસેમ્બર એન્ડીંગથી શરૂ થયેલ યાત્રીકોના પ્રવાહ હજુ પણ યથાવર રહેતા દ્વારકાધીશ જગતમંદિરમાં હાલમાં ભાવિકોની સતત ભીડભાડ રહેતી હોય તાજેતરમાં થરાદ-વાવ જિલ્લામાંથી શાળાની બસમાં આવેલ યુવતી કોઈ રીતે બેભાન બની જતાં ફરજ પરના હાજર મહિલા પીએસઆઈ અખેડએ તાત્કાલીક સારવાર આપી ૧૦૮ તાત્કાલીક પહોંચી ન શકે તેવી સ્થિતિ જોતાં પોતાના ટુ-વ્હીલર પર તાત્કાલીક હોસ્પિટલે પહોંચાડી ફરજ નિભાવવા સાથે માનવતા નિભાવી હતી.

જામનગર જિલ્લામાં ટેકાના ભાવે ખરીદેલ મગફળીનું ૨૧૧૨૩ ખેડૂતોનું ચુકવણું બાકી

તત્કાલિ ખેડૂતોને ચુકવણું કરવા જિલ્લા પંચાયતના પ્રમુખની કૃષિમંત્રીને રજૂઆત

જામનગર : જામનગર જિલ્લામાં ટેકાના ભાવથી ખરીદ કરેલ મગફળીની રકમ ખેડૂતોને ચૂકવી આપવા કૃષિમંત્રી સમક્ષ જામનગર જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં જામનગર જિલ્લામાં વિવિધ મંડળી ઘ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવે છે. પરંતુ જિલ્લામાં ઘણા બધા ખેડૂતોને મગફળીની ખરીદી કર્યાના એક મહિનાથી વધારે સમય થવા છતા ખેડૂતોના ખાતામાં પૈસા જમા થયા નથી.

વધુમાં હાલમાં જામજોધપુર તાલુકામાં જે મગફળીની ખરીદી કરવામાં આવે છે તે મગફળી કયા ગોડાઉનમાં નાખવી તે નકકી થયેલ ના હોવાથી ખરીદી કેન્દ્ર ઉપર સ્ટોક જમા થયેલ છે. આ મગફળી જયા સુધી ગોડાઉનમાં પહોંચે નહી ત્યા સુધી ખેડૂતોને પેમેન્ટ થાય નથી.

આથી જામનગર જિલ્લામાં બેંક લીંક કરવાના ખાતા તથા ગોડાઉનની સમસ્યાના કારણે હાલમાં લગભગ ૩૧૧૨૩ ખેડૂતોને પેમેન્ટ ચુકવણું બાકી છે. આથી સત્વરે લગત વિભાગને જરૂરી સુચના આપવા જામનગર જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગલાભાઈ ગરસર દ્વારા રાજયના કૃષિમંત્રી સમક્ષ રજૂઆત સાથે માંગણી કરવામાં આવી છે.

બાલાચડીથી સચાણા વિસ્તારમાં સુરક્ષા અંગે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા પેટ્રોલિંગ

તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જયારે કોઈપણ આતંકવાદી ઘટના બને છે ત્યારે તે સમયગાળો કટોકટીપૂર્ણ અને અગત્યનો હોય છે. તેજ પ્રમાણે આતંકવાદી ઘટના તુરંત બાદનો સમયગાળો હાઇ એલર્ટનો સમય હોઇ અગત્યનો હોય છે. ઉપરોક્ત બંને સમયગાળાઓ કરતાં પણ વધુ અગત્યનો સમયગાળો હાઇ એલર્ટ બાદ થાળે પડેલ અને નોર્મલ બનેલ પરિસ્થિતિ દરમિયાનનો હોય છે. કારણ કે, આ સમયગાળામાં જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો ઉપર મુજબના કટોકટીપૂર્ણ સમયગાળાઓમાંથી પસાર થવું પડતું નથી.

આ બાબતે ધ્યાને લઈ દરિયાઈ સુરક્ષાને વધુ મજબુત બનાવવા સારૂ બાલાચડીથી સચાણા શિપ બ્રેકિંગ યાર્ડ તથા દરિયાઈ વિસ્તારમાં સમગ્ર કોસ્ટલ વિસ્તારમાં એ.ટી.એસ અને કોસ્ટલ સિકયુરિટીના અધિક પોલીસ મહાનિર્દેશક અમિતકુમાર વિશ્વકર્મા સર તેમજ દરિયાઈ સુરક્ષા અને મરીન ટાસ્ક ફોર્સના પોલીસ મહાનિરીક્ષક શ્રી પી એલ માલ સર તથા મરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષક એસ.જે. પરમાર સરના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક કે.પી.પારેખ, મરીન ટાસ્ક ફોર્સ, જામનગર સેક્ટરના પો.ઈ. ડી આર યાદવ તથા પો.સ.ઈ. ડી.એચ.જાડેજા અને તમામ મરીન કમાન્ડો દ્વારા સંયુક્ત રીતે તારીખ ૧૩/૧/૨૦૨૬ ના રોજ ફૂટ પેટ્રોલિંગ દ્વારા "સઘન કોસ્ટલ પેટ્રોલિંગ"નું આયોજન કરવામાં આવેલ હતું. આ "સઘન કોસ્ટલ પેટ્રોલિંગ" દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ બોટ, અવવારૂ જગ્યાઓની ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતી.

ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટી મંડળની નવી વરણી કરાશે

જામનગર : ચા.મ.મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ ટ્રસ્ટી મંડળની વર્ષે ૨૦૨૬-૨૭ માટે ટ્રસ્ટી મંડળની રચના કરવાની હોય તે અંગે તા.૧૨/૧/૨૬ રોજ કંચનવાડીમા ટ્રસ્ટી મંડળની મીટીંગ મળેલી હતી. તેમાં ટ્રસ્ટી મંડળની નવી વરણી માટે નક્કી કરવામાં આવેલ છે જેમને પણ જ્ઞાતિમાં સેવા આપવાની ઈચ્છા હોય તેઓ તેમનું નામ તારીખ ૨૫/૧/૨૬ સુધીમાં સંસ્થાના પ્રમુખ કિશોરભાઈ ભટ્ટને લખાવી આપવાનું રહેશે.

જે નામ આવેલા હશે તેમાંથી સંસ્થાના ટ્રસ્ટી મંડળની નિયત સંખ્યાથી વધુ નામ આવેલા હશે તો ચૂંટણી કરવામાં આવશે નહીં તો પછી મોઢેશ્વરી માતાજીના પાટોત્સવમાં તા. ૩૧/૧/૨૬ આવેલ નામ બિનહરીફ જાહેર કરવામાં આવશે જેની દરેક સભ્યઓએ નોંધ લેવી.

તેમજ જે સભ્ય તરીકે નોંધાયેલ હશે તે જ ટ્રસ્ટી મંડળમાં સેવા આપી શકશે. તેમજ જો કોઈ ભાઈઓ, યુવાનો, બહેનો પણ સમય આપીને જ્ઞાતિની કારોબારીમાં સેવા આપવા માંગતા હોય તેમને પણ પોતાના નામ લખાવી આપવા તેમ સંસ્થાનાં મંત્રી એન.ડી.ત્રીવેદીની યાદીમાં જણાવવામાં આવેલ છે.

જામનગરના રિવરફ્રન્ટ પ્રોજેક્ટનું ગાંધીનગર ખાતે પ્રેઝન્ટેશન કરતા ડે. કમિશનર અને સીટી ઈજનેર

જામનગર : જામનગર શહેરનો અતિ મહત્વશીલ રિવરફ્રન્ટ પ્રોજેક્ટની રૂા.૬૦૦ કરોડની ગ્રાન્ટ માટે ગાંધીનગર ખાતે ચીફ સેક્રટરી સમક્ષ મહાનગરપાલિકાના ડીએમસી અને સિટી ઈજનેરે પ્રોજેક્ટ અંગેનું પ્રોઝેન્ટેશન રજૂ કર્યું હતું.

મહાનગરપાલિકા દ્વારા રંગમતિ નદી ઉપર રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ડેવેલોપ કરવાનું હાથ ધરવામાં આવ્યું છે. થોડા સમય પહેલાં મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીની બેઠકમાં ચેરમેન નિલેશ કગથરા દ્વારા આ પ્રોજેક્ટનો સૈધ્ધાંતિક સ્વિકાર કરવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટ માટે રાજય સરકાર પાસે ગ્રાન્ટ માટે થઈને ગઈકાલે ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી તેમજ શહેરી વિકાસ વિભાગના કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે જામનગર મહાનગરપાલિકાના ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલા તેમજ સિટી ઈજનેર ભાવેશ જાનીએ મીટીગ યોજી હતી. આ મીટીંગમાં જામનગર મહાનગરપાલિકા દ્વારા જે રિવર ફ્રન્ટનો રૂા.૬૦૦ કરોડ પ્રોજેક્ટ અંગે પ્રેઝેન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ આ પ્રોજેક્ટ માટે નદીના પટ્ટમાંથી ગેરકાયદેસર દબાણો પણ દૂર કરેલ હોવાનું જણાવવામાં આવ્યું હતું. રંગમતિ નદી ઉપર રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંગે જીણવટભરી માહિતી પ્રેઝેન્ટેશનમાં રજૂ કરાઈ હતી. આ પ્રોજેક્ટ હાથ ધરવાથી થનારા લાભાલભ અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતાં.

અમદાવાદની માફક જામનગર મનપા દ્વારા વ્હોરાના હજીરાથી લાલપુર બાયપાસ ચોકડી સુધી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંગે પ્લાન-નકશાઓ તૈયાર કરવામાં આવ્યા છેઅને ખાસ કરીને કાલાવડ નાકાથી સુભાષબ્રિજ સુધી તેમજ વ્હોરાના હજીરા પાસે અમદાવાદની જેમ જ રિવરફ્રન્ટ પ્રોજેક્ટનું નિર્માણ કરવાનો સૈધ્ધાંતિક સ્વિકાર સ્ટેન્ડીગ કમિટીએ કર્યો હતો અને આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારમાંથી ગ્રાન્ટ મેળવવા માટે પણ દરખાસ્ત રજૂ કરાઈ હતી. જેને લઈને રાજ્ય સરકાર દ્વારા શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ ગુજરાત સરકારના ચીફ સેક્રેટરી સાથે મીટીંગમાં જામનગર મહાનગર પાલિકાના ડીઅમસી દેવેન્દ્રસિંહ ઝાલા તેમજ સિટી ઈજનેર ભાવેશ જાનીએ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંગે પ્રેઝેન્ટેશન રજૂ કરીને વિશેષ જાણકારી આપવામાં આવી હતી.

ખંભાળીયામાં આમ આદમી પાર્ટીનો ડોર-ટુ-ડોર લોકસંપર્ક

તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : ખંભાળીયા શહેરમાં આમ આદમી પાર્ટી દ્વારા હાલમાં કોઈપણ પ્રકારની ચૂંટણી ન હોવા છતાં પણ ડોર-ટુ-ડોર લોકસંપર્ક અભિયાન હાથ ધર્યુ હતું. રાજયના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવી તેમજ જિલ્લા શહેર આપ પાર્ટીના કાર્યકરો દ્વારા ઘેર-ઘેર તથા દુકાને-દુકાને જઈ નાગરીકોની મુલાકાત કરી હતી તથા પાર્ટીના વિવિધ વચનો તથા વિકાસની ભાવિ યોજનાઓ અંગે જાણકારી આપી હતી. લોકોએ પણ જનતાના પ્રશ્નોને વાચા આપવા બદલ સમર્થન સાથે સ્વાગત કર્યુ હતું.

વીજીઆરસી સમિટ દરમિયાન જામનગર શહેરની સિટી લોજિસ્ટિક પ્લાનનું લોન્ચિંગ

જામનગર : વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ (વીજીઆરસી) ૨૦૨૬ સમિટ દરમિયાન ટકાઉ શહેરી વિકાસ અને કાર્યક્ષમ માલ પરિવહનને પ્રોત્સાહન આપવાના મહત્વપૂર્ણ પગલા તરીકે જામનગર શહેરની સિટી લોજિસ્ટિક પ્લાન (સીએલપી) નું લોન્ચિંગ સત્તાવાર રીતે જામનગરના મેયર વિનોદ ખીમસૂર્યા, સ્ટે.કમિટીના ચેરમેન નિલેશ કગથરા તથા મ્યુનિસિપલ કમિશનર ડી એન મોદીની ઉપસ્થિતિ સાથે વરિષ્ઠ અધિકારીઓ, શહેરી આયોજનકારો અને વિવિધ હિતધારકોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

સીટી લોજિસ્ટિક પ્લાન શહેરમાં માલ પરિવહન વ્યવસ્થામાં સુધારો લાવવા, ટ્રાફિક ભીડ ઘટાડવા, પર્યાવરણ પર પડતા પ્રભાવને ઓછો કરવા અને શહેરની સમગ્ર ગતિશીલતામાં વધારો કરવાના ઉદ્દેશ સાથે તૈયાર કરવામાં આવ્યો છે. ઝડપી ગતિએ વિકસતું શહેરી તથા ઔદ્યોગિક કેન્દ્ર બનતું જામનગર, આર્થિક વિકાસ અને નાગરિકોના જીવનમાન વચ્ચે સંતુલન સાધવા માટે સંરચિત અને દષ્ટિપૂર્ણ લોજિસ્ટિક માળખાની આવશ્યકતા ધરાવે છે.

જામનગર માટે તૈયાર કરવામાં આવેલ સિટી લોજિસ્ટિક્સ પ્લાન (સીએલપી) શહેરમાં માલસામાન અને માલવાહક વાહનોની ગતિ વ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવા માટેની એક દીર્ઘદષ્ટિપૂર્ણ પહેલ છે. આ યોજનામાં આયોજનબદ્ધ ફેઈટ મેનેજમેન્ટ, યોગ્ય માર્ગ વ્યવસ્થા, આધુનિક માળખાગત સુવિધાઓ તથા અંદાજીત રૂ. ૧૩૫૪.૫૦ કરોડના ખર્ચે કુલ ત્રણ ફેઈઝમાં સને વર્ષ-૨૦૪૭ સુધીમાં શહેરી વિકાસ સાથે લોજિસ્ટિક્સના એકીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે.

આ યોજનાથી શહેરમાં ભારે વાહનોના કારણે થતા ટ્રાફીકમાં ઘટાડો થશે, માર્ગસલામતીમાં સુધારો થશે, માળ પરિવહનની કાર્યક્ષમતા વધશે તથા હવા પ્રદુષણ અને ઉંધણ વપરાશમાં ઘટાડો થશે. સાથે સાથે સ્થાનિક વેપાર અને ઉદ્યોગોને ઝડપી અને વિશ્વસનીય લોજીસ્ટીક્સ સેવાઓનો લાભ મળશે.

દીર્ઘકાળે, સિટી લોજિસ્ટિક્સ પ્લાન જામનગરને સુવ્યવસ્થિત અને ટકાઉ શહેરી ફેઈટ સિસ્ટમ તરફ દોરી જશે, પર્યાવરણીય અસર ઘટાડશે, ઉદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપશે તથા નાગરિકોની જીવન ગુણવત્તામાં સુધારો કરશે, જેના પરિણામે જામનગર એક મજબૂત પ્રાદેશિક લોજિસ્ટિક્સ અને ઉદ્યોગિક કેન્દ્ર તરીકે વિકસશે. વિજીઆરસી ૨૦૨૬ સમિટ દરમિયાન થયેલું આ લોન્ચિંગ, નવીન અને શ્રેષ્ઠ શહેરી ઉકલો અપનાવવાની જામનગરની પ્રતિબદ્ધતા દર્શાવિ છે તેમજ શહેરને શહેરી લોજિસ્ટિક આયોજનમાં પ્રગતિશીલ નેતૃત્વ આપનાર શહેર તરીકે સ્થાપિત કરે છે.

જામનગરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ચાર ઝડપાયા

જામનગર : જામનગરમાં ખેતીવાડી ફાર્મ નજીક બાવરીવાસમાં જાહેરમાં ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા ચાર શખ્સોની પોલીસે અટકાયત કરી લઇ રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરના સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફે ગઈકાલે ખોડીયાર કોલોની ખેતીવાડી ફાર્મ નજીક બાવરીવાસમાં જુગાર અંગે દરોડો પાડ્યો હતો, જ્યાં ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા હનીફ ઈસ્માઈલભાઈ સાટી, રાયમલ હાજીભાઈ સંધિ, અરુણ કાનાભાઈ કોળી, અને વીરજીભાઈ લાલજીભાઈ સોલંકીની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૨,૧૯૦ ની રોકડ રકમ અને ઘોડીપાસાનું સાહિત્ય કબજે કર્યું છે.

સમર્પણ હોસ્પિટલમાં નેત્ર નિદાન કેમ્પ યોજાશે

જામનગર : ડાહીબેન પરસોત્તમ એન્ડ પરસોત્તમ જુઠાભાઈ વિશરોલિયા ચેરીટેબલ ટ્રસ્ટ-દ્વારકા-જામનગર તથા સમર્પણ જનરલ હોસ્પિટલ-જામનગરના સહયોગથી પરમવંદનિય મહંત શ્રી રામસ્વરૂપદાસજી મહારાજ સાહેબની ૩૧ મી પુણ્યતિથિ નિમિત્તે નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. આ નિ:શુલ્ક કેમ્પ તા. ૨૮/૧ ના બુધવારે સવારે ૯ થી ૧૨ સમર્પણ આંખની હોસ્પિટલ, જામનગરમાં રાખવામાં આવ્યો છે. કેમ્પમાં દર્દીઓને તપાસીને દવા આપવામાં આવશે તથા ઓપરેશન કરી આપવામાં આવશે. દર્દી તથા તેના સહાયકને કેમ્પના સ્થળે રહેવા-જમવા તથા ચા સહિતની સુવિધા પૂરી પાડવામાં આવશે. કેમ્પમાં આંખના નિષ્ણાત ડો. આર.ટી. જાડેજા અને ડો. મિતલ કડીવાર સેવા આપશે તેમ આયોજક ટ્રસ્ટી મંડળ (સમર્પણ જનરલ હોસ્પિટલ-જામનગર) દ્વારા જણાવાયું છે.

પૂર્વ કૃષિમંત્રી અને બિલ્ડરને સોશિયલ મીડિયામાં બદનામ કરનાર જામનગરનો વિશાલ કણસાગરા ઝડપાયો

નેપાળમાં બેસીને સોશિયલ મીડિયામાં પોસ્ટ અપલોડ કરતો હતો : ભારતમાં આવતા સાયબર પોલીસે ઝડપી લીધો, આઠ દિવસના રિમાન્ડ મંજુર

જામનગર : જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ તેમજ જામનગરના અગ્રણી બિલ્ડર પિતા-પુત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરાને આખરે જામનગર સાયબર પોલીસે ઝડપી લીધો છે, અને આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે. જે નેપાળમાં બેસીને નેટવર્ક ચલાવતો હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરું રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિમંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં પોતાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની આ.ઈડી. ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી.

આ ઉપરાંત જામનગરના અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેમાં

હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જે બંનેને રિમાન્ડ પર લીધા બાદ હાલ બંનેને જેલ હવાલે કરી દેવાયા છે, જ્યારે આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે પકડાયેલા આરોપી હેમતલાલ કણસાગરાનો પુત્ર છે. જે ફરાર હતો, અને પોતે જ સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી રહ્યો છે, તેવી ચોક્કસ કડી સાયબર પોલીસને મળી હતી.

વિશાલ કણસાગરાની કાઈમ કુંડળી

જામનગરનો વતની વિશાલ કણસાગરા, કે જે સોશિયલ મીડિયાના માધ્યમથી અગાઉ પણ અનેક કારસ્તાન કરી ચૂક્યો છે, અને જામનગરના પોલીસ મથકમાં તેની સામે અત્યાર સુધીમાં સાયબર ફ્રોડ સંબંધી ૧૧ ગુનાઓ દાખલ થઈ ચૂક્યા છે, અને તેમાં તે પકડાયો પણ છે. ઉપરાંત તેના પિતા હેમતલાલ કણસાગરા કે જેની સામે પણ સાઈબર ફ્રોડના અન્ય ચાર ગુનાઓ દાખલ થઈ ચૂકેલા છે. વિશાલ પોતે સોશિયલ મીડિયાના માધ્યમથી આઈડી વગેરે બનાવવાનું જાણતો હોવાથી બિલ્ડર સહિતના વ્યક્તિઓ પાસે નાણા પડાવાના બહાને આ કરતુત કરતો હોવાનું પણ કબુલ્યું છે.

દરમિયાન હેમતલાલ કણસાગરા કે જે જેલ હવાલે હોય તેને જામીન પર છોડાવવા માટે વિશાલ કણસાગરા કે જે પોતે નેપાળ ભાગ્યો હતો, અને નેપાળમાંથી આ બધી પોસ્ટ મૂકીને સોશિયલ મીડિયામાં નાણા પડાવવા માટે બિલ્ડર વગેરેને બદનામ કરતો હતો, જે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન સાઈબર પોલીસની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો છે, અને અદાલત સમક્ષ રજુ કરી આઠ દિવસના રિમાન્ડ પર લીધો છે.

પોલીસ દ્વારા તેના મોબાઈલ ફોન વગેરે કબજે કરવામાં આવ્યા હતા, પરંતુ તે પહેલા તેણે તમામ પોસ્ટ વગેરે ડીલીટ કરી નાખી હતી. પરંતુ સાઈબર સેલની ટીમે તમામ ડેટા રિકવર કરી લીધો છે, અને પોતે જે આઈડી મારફતે લોકોને બદનામ કરવાનું ષડયંત્ર ચલાવતો હતો. જે ડેટા વગેરે કબજે કરી લેવા માટેની કાર્યવાહી હાથ ધરી છે, અને તેમાં પણ સાયબર સેલની ટીમને સફળતા મળી છે. હજુ આ પ્રકરણમાં અન્ય કોઈ વ્યક્તિઓ સામેલ છે કે કેમ, તે અંગેની પણ ઊંડાણપૂર્વકની તપાસ ચાલી રહી છે.

શ્રી જામ ધર્માદા સંસ્થા

શ્રી જામ ધર્માદા સંસ્થામાં નીચે જણાવેલ કર્મચારીઓની જરૂરિયાત હોય જેથી નોકરી મેળવવા માંગતા ઉમેદવારોએ પોતાના જરૂરી સાહિત્ય નીચે દર્શાવ્યા મુજબ સાથે નીચે આપેલ સરનામે ઈન્ટરવ્યુ દેવા તા.૨૨/૦૧/૨૦૨૬ થી તા.૨૭/૦૧/૨૦૨૬ સુધી રોજ સવારે ૧૦:૦૦ કલાક થી ૦૧:૦૦ કલાક દરમ્યાન રૂબરૂ હાજર થવાનું રહેશે.

: કર્મચારીઓની જરૂરિયાત :

૧) પૂજારી, ૨) કમ્પ્યુટર ઓપરેટર, ૩) યોકીદાર, ૪) સફાઈ કામદાર

: સરનામું :
શ્રી જામ ધર્માદા સંસ્થા, "સસેક્સ લોજ",
પેલેસ રોડ, જામનગર – ૩૬૧ ૦૦૮

જરૂરિયાત દસ્તાવેજી પુરાવા :

૧) આધાર કાર્ડ, ૨) પેન કાર્ડ, ૩) સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ,
૪) છેલ્લા ૩૦ દિવસની અંદર લીધેલ પાસપોર્ટ ફોટો, ૫) હેલ્થ સર્ટિફિકેટ

વધારામાં અરજી કરવાના ફોર્મ ઓફિસના ઉપર દર્શાવ્યા મુજબ સરનામે મળશે તે ભરવા રૂપિયા ૧૦૦/– હારે લઈ આવવાના (ટી.બી. સ્ટેમ્પ ઉપર મુજબની ઓફિસ માંથી જ મળી જશે)

જામનગર.
૧૬/૦૧/૨૦૨૬

ઘનશ્યામસિંહ જાડેજા
મેનેજર
શ્રી જામ ધર્માદા સંસ્થા

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)